જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૧/૨૦૨૧ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૫૫ | ૦ | ૧૧૧૫૫ | ૧૭૨૮૬ | ૦ | ૧૭૨૮૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૨ | ૦ | ૪૭૦૨ | ૬૨૨૫ | ૦ | ૬૨૨૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૭૭૮૦ | ૭૭ | ૨૭૮૫૭ | ૨૮૯૬૦ | ૭૪ | ૨૯૦૩૪ |
| | કુલ | ૪૩૭૦૦ | ૭૭ | ૪૩૭૭૭ | ૫૨૭૩૧ | ૭૪ | ૫૨૮૦૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૬ | ૫,૧૨,૪૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨૪૫ | ૨૨,૪૫,૦૦૦/- |

# નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન

## વડોદરા શહેરના રાવપુરા પોલીસ સ્ટેશનના-૨ ગુનામા તથા બાપોદ પોલીસ સ્ટેશનના-૧ ગુનામા તથા પાણીગેટ પોલીસ સ્ટેશનના-૧ ગુનામા મળી કુલ-૪ વાહન ચોરીના ગુનામા નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક રોહીતસિહ નટુભા નાઓને મળેલ સયુક્ત બાતમીથી (૦૧) રાવપુરા પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૬૦૨૬૨૦૧૬૯૩ /૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ તથા (૦૨) રાવપુરા પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ- ૧૧૧૯૬૦૨૬૨૦ ૧૬૬૩/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ તથા (૦૩) પાણીગેટ પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૬૦૧૭૨૦૧૦૯૧/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ તથા (૦૪) બાપોદ પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૬૦૦૨૨૦૦૯૫૨/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનામા નાસતા-ફરતા આરોપી કામના વોન્ટેડ આરોપી સિધ્ધાર્થ ઉર્ફે ભોલુ સ/ઓ હરીશભાઇ અરોરા ઉ.વ.૨૯ રહે-મ.નં-૮,શ્યામસુંદર સોસાયટી શ્યામસુંદર હોલની પાછળ ઇસનપુર અમદાવાદ શહેરનાને તા.૧૫/૦૧/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે પકડી પાડી વડોદરા શહેર પોલીસને સોપેલ છે. તા.૧૬/૦૧/૨૦૨૧



## <u>પીસીબી</u>

## <u>સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ રહેણાંકના મકાનમાંથી વિદેશી દારૂની બોટલો નંગ-૭૪ કિ.રૂ.૩૦૦૬૦/- મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી.</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૫.૦૧.૨૦૨૧ ના રોજ સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિહ, અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ, અહેકો મનોજ વિઠલભાઈ, અપોકો પ્રિયવદન જયંતીલાલ તથા અપોકો વિજયસિહ પૃથ્વીસિંહ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે પકડાયેલ આરોપણબેન નામે છાયાબેન અનીલભાઈ ગણપતભાઈ તમાઈચે(છારા) રહે.છારાનગર રબારી વસાહત અચેર સાબરમતી અમદાવાદ ના કબ્જા ભોગવટાવાળા મકાનમાથી વિદેશી દારૂ ભરેલ બોટલ તથા ટીન બીયરના નંગ મળી કુલ્લે ૭૪ નંગ કિંમત રૂ. ૩૦,૦૬૦/ મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સાબરમતી પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૩૯૨૧૦૦૦૦/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### <u>પકડાયેલ આરોપી:</u>

છાયાબેન અનીલભાઈ ગણપતભાઈ જાતે તમાઈચે રહે.છારાનગર રબારી વસાહત અચેર સાબરમતી અમદાવાદ

### <u>વોન્ટેડ આરોપી :</u>

મહેન્દ્ર ઉર્ફે મેંદુ ગાંડાલાલ જાડેજા (છારા) રહે. છારાનગર રબારી વસાહત અચેર સાબરમતી અમદાવાદ

### <u>ગુનાની જગ્યા</u> :

પકડાયેલ આરોપણબેનના કબ્જા ભોગવટાવાળા મકાનમાથી છારાનગર રબારી વસાહત અચેર સાબરમતી અમદાવાદ શહેર

### <u>પકડાયેલ મુદામાલ</u> :

ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો તથા ટીનના બીયર મળી કુલ્લે નંગ ૭૪ <u>કિ.રૂ.૩૦,૦૬૦/- મતાનો મુદામાલ</u>

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૪૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૮/૨૦૨૧**

**વેજલપુરઃ** શાહનવાઝ મોહંમદયામીન શેખ (રહે. લવલી પાર્ક સોસાયટી બરફની ફેકટરી પાછળ વિશાલા પાસે જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૧/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી તા.૧૫/૦૧/૨૦૨૧ કલાક ૧૦/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહિત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯/૨૦૨૧**

**ચાંદખેડાઃ** પરાગ સ/ઓ ભરતભાઈ જોષી (ઉ.વ.૨૫) (રહે. શાશ્વત ઝિલ્સ નારાયણ સર્કલ પાસે માનસરોવર રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૧ રાતના ૯/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લાલુભાઇ કાવજીભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** ગુડ્ડુકુમાર કપુરચંદ ચૌધરી (ઉ.વ.૧૭) (રહે. નહેરૂનગરના છાપરાં કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** કાળુભાઈ વિરજીભાઈ સાવજ (ઉ.વ.૫૯) (રહે. નિલકંઠ બંગ્લોઝ પંચતીર્થ સ્કુલ સામે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૧/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધીરજકુમાર મંગળભાઈ ચલાવે છે.

**ખોખરાઃ** બલરામ ધોંડુરાવ મરાઠી (ઉ.વ.૬૨) (રહે. ખોડીયારનગર સંતોષી માતાના મંદિર પાસે હાટકેશ્વર ચાર રસ્તા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૧/૨૦૨૧ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**નિકોલઃ** જીતેન્દ્ર ઉર્ફે જીતુ સ/ઓ મંગલભાઈ પારંતી (ઉ.વ.૨૦) (રહે. પુરૂષોત્તમનગર ખોડિયારનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૧/૨૦૨૧ બપોરના ૪/૪૫ થી સાજના ૫/3૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંકના પતરાની છતના ભાગે લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલ શુકાજી ચલાવે છે.

**જીઆઈડીસી વટવાઃ** જીઆઈડીસી વટવા ફેઝ-3 ખાતે અમીતારા કંપનીના ક્વાટર્સમાં રહેતા મોહનલાલ લાદુરામ ભાર્ગવ (મુળ વતન. ગામ-રાણાસર તા.બિકામ જી.ચુરુ રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૧/૨૦૨૧ કલાક ૮/3૦ પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કુલાભાઇ ભુરાભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** સિધ્ધાર્થ પ્રવિણભાઈ રાઠોડ (ઉ.વ.૨૭) (રહે. પરીક્ષીતલાલનગર બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૧ રાતના ૧૦/3૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.ચુડાસમા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી